ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આજથી શહેરનું અર્થકારણ ધબકશે




## લાંભપાંચમથી વેપારીઓ ધંધા-રોજગારનું પૂજન કરી મુહૂર્ત કરશે : શહેરના બજારો પાંચ દિવસ બાદ પુનઃ ધબકશે

ગાંધીનગર, તા. ૨૭

પર્વાધિરાજ દિપોત્સવી પર્વમાં અર્થને લઈ અનોખુ મહત્વ ધરાવતો દિવસ એટલે લાંભપાંચમ. આ દિવસથી સામાજિક અર્થકારણ શરૂ થાય તેના સારા પરિણામ મળતા હોય છે એવી વાયકાઓ આ પર્વ સાથે જોડાયેલી હોય છે.

દિપોત્સવી પર્વ એ પાંચ પર્વોનું અનોખુ પર્વ છે અને તેનુ અનેરૂ મહત્વ પણ ભારતીય સંસ્કૃતિમાં છે. લાભ પાંચમનો દિવસ એ વણજોયા મુહૂર્ત સમાન લેખવામાં આવે છે. આ વખતે મંગળવારે લાભ પાંચમ છે. મંગળવારને મંગલ દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. મંગળવાર કષ્ટભંજન દેવ હનુમાનજીનો જન્મ દિવસ પણ હતો.

દિવાળી, બેસતુ વર્ષ અને ભાઈબીજ તહેવારોની ઉજવણી બાદ વેપારીઓ આજથી પોતાના ધંધા-રોજગારનો શુભારંભ કરશે. પાંચ-પાંચ દિવસથી શહેર અને જિલ્લાના બજારોમાં સુનકાર છવાઈ ગયો હતો. લાભ પાંચમના દિવસથી નગરનું અર્થકારણ શરૂ થઈ જશે.

સમગ્ર દેશ અને દુનિયામાં ગુજરાતીઓને વેપારીભાઈ તરીકે ઓળખવામાં આવે છે. વેપારીઓ વર્ષ આખુ ધંધામાં રચ્યા પચ્યા રહેતા હોય છે. અને દિવાળીના દિવસે ધંધાને વધાવી રજાઓ માણતા હોય છે ત્યાર બાદ શોપિંગોમાં વેકેશન જોવા મળતુ હોય છે.

આજે લાભ પાંચમ છે. વેપારી ભાઈઓ પોતાના વેપાર ધંધાને દિવાળીએ વધાવ્યા બાદ આજે વિશેષ પૂજા અર્ચના કરી શરૂઆત કરશે.

● અનુસંધાન પાન-૫ પર

# ગાંધીનગરની પારૂલ પરમારે ઈંચિયોન રમતોત્સવમાં ઈતિહાસ સર્જ્યો

## એક ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવ્યો : નૂતન વર્ષના દિવસે જ ઈંચિયોનમાં ગાંધીનગરનો ડંકો

ગાંધીનગર, તા. ૨૭

દક્ષિણ કોરિયાના ઈંચિયોન શહેરમાં આયોજીત એશિયન પેરા ગેમ્સ ૨૦૧૪માં ગાંધીનગરની રમતવીર પારૂલ પરમારે દિવાળીના પર્વોમાં નવા વર્ષના દિવસે જ ગાંધીનગરનું નામ દક્ષિણ કોરિયામાં ઝળહળતું કર્યુ છે. સમગ્ર દેશમાંથી ભારતના ફાળે ૩ સુવર્ણપદક પ્રાપ્ત કર્યા છે. જે પૈકી એક સુવર્ણ પદક ગાંધીનગરના ફાળે આવ્યો છે. શહેરનું નામ રોશન કરવાની સાથે નગરનું પણ ગૌરવ વધાર્યુ છે. જ્યારે અન્ય રમતવીરો માટે પણ પારૂલ પરમાર પ્રેરણાદાયી બની રહી છે.



વર્ષ ૨૦૧૪ ભારતીય રમતવીરો માટે સુવર્ણ વર્ષ સાબિત થઈ રહ્યું છે. દેશના રમતવીરોએ અનેક રમતોત્સવમાં હાલ ભારતનો વિવિધ રમતોમાં પદકો અપાવી દેશ અને દુનિયામાં ભારતનું નામ ઝળહળતુ કર્યુ છે. ત્યારે આ પદકોની યાદીમાં તાજેતરમાં વધુ ૩૩ નવા પદકો ઉમેરાયા છે.

દક્ષિણ કોરિયાના ઈંચિયોન શહેરમાં ગત ૧૮ થી ૨૪ ઓક્ટોબર ૨૦૧૪ દરમિયાન એશિયન પેરાલિમ્પિક કમિટિ દ્વારા એશિયન પેરા ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રકારની ૨૩ જેટલી રમતો પણ યોજાઈ હતી. આ પેરા રમતોત્સવમાં વિશ્વના ૪૨ દેશોના ૬ હજારથી પણ વધારે રમતવીરોએ ભાગ લીધો હતો. જેમાં ભારતમાંથી કુલ ૮૭ રમતવીરોએ ઉત્સાહપૂર્વક વિવિધ રમતોમાં ભાગ લઈ ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. ઈંચિયોન શહેરમાં એક અઠવાડિયા દરમિયાન આયોજન રમતોત્સવમાં ભારતીય ખેલાડીઓમાં માત્ર ૩ ખેલાડીઓ શરદકુમાર, અમીતકુમાર અને પારૂલ પરમારે ભારતને સુવર્ણ પદક અપાવ્યા છે. જે પૈકી ગાંધીનગરની મહિલા બેડમીંટન ખેલાડી પારૂલ પરમારે મહિલા સિંગલમાં સુવર્ણ અને મીક્સ ડબલમાં સિલ્વર પદક સહિત કુલ બે પદક હાંસલ કર્યા છે. જ્યારે ભારતમાં આ ઉપરાંત જુદી જુદી કેટેગરીમાં કુલ ૩૩ પદકો પ્રાપ્ત થયા છે. જેમાં ૩ સુવર્ણ, ૧૪ રજત અને ૧૬ કાંસ્ય પદકો મળી કુલ ૩૩ પદકો હાંસલ કર્યા છે.

ગાંધીનગરની પારૂલ પરમારે નવા વર્ષના દિને જ રમતગમત ક્ષેત્રે અનોખી નામના અપાવી છે. અને આખા દેશને ગૌરવ અપાવ્યું છે અને રમતવીરો માટે પણ પારૂલ પરમાર પ્રેરણાદાયી બની રહી છે.

# સચિવાલય સંકુલમાં 'સાલ મુબારક'નો માહોલ જામ્યો

ગાંધીનગર, તા. ૨૭

સચિવાલયના વિભાગો અને મંત્રાલયોમાં કર્મચારીઓ અને અધિકારીઓ નવા વર્ષની શુભેચ્છાઓની આપલે કરવામાં વ્યસ્ત જોવા મળ્યા હતાં.

દિવાળીના તહેવારોની ચાર દિવસની રજા બાદ આજથી સરકારી કચેરીઓ શરૂ થવા પામી હતી. આજે દિવાળીના તહેવારો બાદ પ્રથમદિને કર્મચારી અને અધિકારીઓએ એક બીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

કર્મચારીઓ-અધિકારીઓ-મંત્રીઓને વિભાગના વડાઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવા જતાં મોટા ભાગના વિભાગોની શાખાઓ ખાલીખમ જોવા મળી હતી.

આજથી સરકારી કચેરીઓ ખુલવા છતાં પણ હજુ રજાની અસર જોવા મળી હતી. કર્મચારીઓની પાંખી હાજરીના કારણે રજા જેવો માહોલ જોવા મળ્યો હતો.





## નુકશાન ન થાય તે માટે સજાગતા કેળવો

### વાવાઝોડા પહેલાં

- ✓ અફવા ફેલાવશો નહીં, શાંત રહો, ગભરાશો નહિ
- ✓ આપના મોબાઈલ ફોન ચાર્જ કરી રાખો
- ✓ સમાચારો અને ચેતવણીઓ સતત સાંભળતા રહો
- ✓ આપના રેડિયો સેટને ચાલુ હાલતમાં રાખો, બેટરીથી ચાલતા રેડિયો વાપરવા સલાહભર્યુ છે
- ✓ સ્થાનિક અધિકારીઓના સતત સંપર્કમાં રહેવા પ્રયત્ન કરો
- ✓ જો જોખમી વિસ્તારમાં રહેતા હોવ તો વાવાઝોડાની પ્રથમ આગાહી સમયે જ સ્થળાંતર કરવું સલાહભર્યુ છે
- ✓ સ્થળાંતર કરવા માટે સરકાર તરફથી સૂચના મળે તો અવશ્ય પાલન કરવું
- ✓ સ્થળાંતર સમયે સામાન તથા ઢોર-ઢાંખરની સલામતીનું ધ્યાન રાખો
- ✓ ઢોર-ઢાંખરને ખૂંટાથી છૂટા કરી રાખો
- ✓ માછીમારોએ દરિયામાં જવું નહિ, બોટ સલામત સ્થળે લાંગરવી
- ✓ અગરિયાઓએ સલામત સ્થળે ખસી જવું
- ✓ લણણી માટે તૈયાર થયેલ પાકને સમયસર લણી લઈ સલામત સ્થળે ખસેડો, જેથી વાવાઝોડાથી થતું નુકશાન અટકાવો
- ✓ આશ્રય લઈ શકાય તેવા ઊંચા સ્થળો ધ્યાનમાં રાખો
- ✓ રેડિયો, ટોર્ચ, ફાનસ, વધારાની બેટરી સાથે રાખો
- ✓ બિમાર વ્યક્તિઓ અને બાળકો માટે ખોરાક, પાણી અને દવાઓ સાતેક દિવસ ચાલે તેવી વ્યવસ્થા રાખો
- ✓ સૂકો નાસ્તો, પાણી, ધાબળા, કપડાં અને પ્રાથમિક સારવારની કીટ સાથે રાખો
- ✓ અગત્યના ટેલીફોન નંબર હાથવગા રાખો
- ✓ પીવાના પાણીનો બંધ વાસણોમાં સંગ્રહ કરવો
- ✓ ઘરમાંના નળિયાને જરૂર જણાયે વ્યવસ્થિત મરામત કરાવવી તથા દરવાજા તેમજ બારીઓ સલામત રીતે બંધ થઈ શકે તેવી પરિસ્થિતિમાં રાખો
- ✓ ઘરની બાજુમાં રહેલ સૂકી ડાળીઓ તથા સુકાઈ ગયેલા વૃક્ષોને ઘરથી દૂર ખસેડવા તથા લાકડાના ટૂકડાઓ, પતરા, ડબ્બાઓ, ઈંટો, સૂચન અથવા જાહેરાતના પાટિયાઓ ઈત્યાદિ પવનમાં ઉડી શકે તેવી વસ્તુઓને વ્યવસ્થિત બાંધી દેવી અથવા તો વસવાટથી દૂર ખસેડવી
- ✓ જરૂર જણાયે કાચની બારીઓના રક્ષણ માટે જરૂરી લાકડાનાં પાટિયાઓ તૈયાર રાખવા
- ✓ તબીબી, આગ અને પોલીસ સંબંધિત તાકિદની પરિસ્થિતિમાં ફોન નં.૧૦૮નો સંપર્ક કરવા માટે તમારા કુટુંબના સભ્યોને માહિતગાર રાખો

### વાવાઝોડા દરમ્યાન

- ✓ જર્જરિત મકાન કે વૃક્ષ નીચે આશ્રય લેશો નહિ
- ✓ રેડિયો, ટી.વી. પર સમાચાર સાંભળતા રહો અને સુચનાઓનો અમલ કરો
- ✓ વાવાઝોડાના સમયે બહાર નીકળવાનું સાહસ કરવું નહિ
- ✓ ઘર ખાલી કરવાની સુચના ન મળી હોય તો ઘરના મજબૂત ભાગમાં આશરો શોધી અંદર જ રહો
- ✓ વાવાઝોડા સમયે રેલ્વે અને દરિયાઇ મુસાફરી હિતાવહ નથી
- ✓ બહુમાળી મકાનો ઉપર કે મકાનોની છત ઉપર રહેવાનું ટાળો
- ✓ ઘરની બહાર હોવ તો વીજળીના તારથી દુર રહો, થાંભલા કે વીજ ઉપકરણોને અડશો નહિ
- ✓ વીજ પ્રવાહ અને ગેસ કનેકશન બંધ કરી દેવા
- ✓ ઘરના તમામ બારી બારણાં બંધ રાખો, નાના બાળકોની વિશેષ કાળજી લો
- ✓ ખુલ્લી જગ્યામાં સપડાયેલા હોવ તો સલામત આશરો શોધો
- ✓ ચેતવણી તરફ ધ્યાન આપો અને ફરવા નીકળશો નહિ
- ✓ દરિયા નજીક, ઝાડ નીચે કે વીજળીના થાંભલા કેલાઈનો નજીક ઉભા રહેશો નહિ
- ✓ વીજળીના થાંભલાથી દૂર રહો
- ✓ માછીમારોએ દરિયામાં ન જવું અને હોડીઓ સલામત સ્થળે રાખી આશરો મેળવવો
- ✓ અગરિયાઓએ અગરો છોડી સલામત સ્થળે આશ્રય લેવો
- ✓ ખોટી અથવા અધૂરી જાણકારીવાળી માહિતી અર્થાત અફવા ફેલાવતી અટકાવો, આધારભૂત સુચનાઓને અનુસરો

### વાવાઝોડા બાદ

- ✓ નુકશાનગ્રસ્ત મકાનોની અંદર જવાનો પ્રયાસ ન કરો
- ✓ અન્ય અસરગ્રસ્તોની મદદ કરો
- ✓ ફોનનો ઉપયોગ જરુર પુરતો જ કરો
- ✓ ઘર સલામત હોય તો જ ઘરમાં રહો
- ✓ બહાર નીકળતા પહેલાં વાવાઝોડું પસાર થઇ ચૂક્યું છે તેની ખાતરી કરીને જ બહાર નીકળવું
- ✓ સ્થાનિક અધિકારીઓની સુચના મુજબ જ વર્તો
- ✓ રેડિયો કે ટી.વી. ઉપર સલામતિનો સ્પષ્ટ સંદેશ મળે ત્યાં સુધી રાહ જુઓ
- ✓ તૂટેલા વીજળીના તાર, પુલ તથા મકાનોથી દૂર રહો
- ✓ કાટમાળમાંથી પસાર થતાં પતરાં, કાચના ટુકડા, સાપ જેવા ઝેરી જીવજંતુથી સાવધ રહો
- ✓ પુરગ્રસ્ત વિસ્તારોથી દૂર રહો
- ✓ દરિયાઈ પ્રવાસ કે માછીમારી માટે જતા અગાઉ ૨૪ કલાક રાહ જુઓ
- ✓ વીજળી ઉપકરણો ભીનાં હોય તો ઉપયોગ કરવાનું ટાળો
- ✓ ગેસ કનેકશન લીકેજ નથી તે ચકાસી જુઓ. જો લીકેજનો ખ્યાલ આવે તો બારીઓ ખોલી મકાનની બહાર આવી જાવ
- ✓ જો સ્થળાંતર કરેલ હોય તો સૂચના મળે ત્યારે જ અને સૂચના મુજબના રૂટ પરથી જ પાછા ફરવાનું રાખો
- ✓ વીજળીના સાધનોને નુકશાન થયું હોય તો ઘરની વીજ પૂરવઠાની મેઈન સ્વીચ બંધ રાખવી, અધિકૃત વ્યક્તિને બોલાવી સમારકામ કરાવવું
- ✓ પીવાના પાણીને ઉકાળીને જંતુરહિત કરવું ત્યારબાદ ઉપયોગ કરવો
- ✓ જો પાણી અને ગટરની લાઇનમાં કોઈપણ પ્રકારનું નુકશાન જણાય તો સંડાસનો ઉપયોગ બંધ કરો અને નળનું પાણી ન વાપરો
- ✓ બચાવ કામગીરી માટે ફાયર બ્રિગેડ, પોલીસ, મ્યુનિસિપાલીટી કંટ્રોલ રૂમ અને તાલુકા મામલતદાર કચેરીના કંટ્રોલ રૂમનો સંપર્ક કરી શકાય છે
- ✓ બચાવની કામગીરી તાત્કાલિક ધોરણે યોગ્ય એજન્સીની મદદથી હાથ ધરવી, તે માટે કોઈપણ ટૂંકા રસ્તાનો સહારો ન લેવો
- ✓ વાવાઝોડા પછી સુરક્ષિત ખોરાકનો જ ઉપયોગ કરવો

**તબીબી, આગ અને પોલીસ સંબંધિત તાકિદની પરિસ્થિતિમાં ફોન નં.૧૦૮નો સંપર્ક કરવા માટે તમારા કુટુંબના સભ્યોને માહિતગાર રાખો**

**આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)***

**રાજ્ય કંટ્રોલરૂમ ૧૦૭૦ | જિલ્લા કંટ્રોલરૂમ ૧૦૭૭**

* મોબાઈલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

GSDMA, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રકાશિત



## હાર્દિક આમંત્રણ



ડાંગરવા ગામને આંગણે પ્રથમવાર શાસ્ત્ર, સંગીત અને સાહિત્યના ત્રિવેણી સંગમમયી

વ્યાસપીઠ પર બિરાજશે



કન્હૈયાલાલજી મહારાજ

## શિવ મહાપુરાણ કથા

**કથા પ્રારંભ** (લાભ પાંચમ) તા. ૨૮/૧૦/૨૦૧૪, મંગળવાર

**કથા પુર્ણાહુતિ** (તેરસ) તા. ૫/૧૧/૨૦૧૪, બુધવાર

**કથા સમય : બપોરે ૧-૦૦ થી સાંજે ૫-૩૦ કલાક**

**કથા સ્થળ : શ્રીમસીયા મહાદેવ (નિલકંઠ મહાદેવ)**
વડસ્મા રોડ, મુ. ડાંગરવા, તા.કડી, જી. મહેસાણા

**નિમંત્રણ : શ્રી મસીયા મહાદેવ સેવા ટ્રસ્ટ (સુચીતા) તથા સમગ્ર ગામજનો અને મહંતશ્રી ભગવતીનંદ ગુરૂશ્રી ઋષિકાનંદજી**



## ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ખાસ વળતર

શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા દ્વારા સંચાલિત

## યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર

**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર**

| | |
|---|---|
| ગુજરાત સુતી ખાદી | ૨૫% વળતર |
| પોલીવસ્ત્ર ખાદી | ૨૫% વળતર |
| પરપ્રાન્ત ખાદી | ૧૫% વળતર |
| રેશમ ખાદી | ૧૫% વળતર |
| ગરમ ખાદી | ૧૫% વળતર |

અમારે ત્યાં શેત્રંજી, આસન, આસનપટ્ટા, નાહવાના રૂમાલ, હાથરૂમાલ, બેડશીટ, પીલોકવર, ચોરસ ગાદી, તૈયાર લેંઘા, ઝભ્ભા, સદરા, સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર ખાદી, ગરમ ખાદી અને ગ્રામોદ્યોગ સાબુ, લિમડા સાબુ તથા સરકારશ્રી દ્વારા માન્ય ફર્નિચર મળશે.

સંસ્થાના અન્ય કેન્દ્રો : ● ગ્રામોદ્યોગ ગાંધી હાટ, સ્ટેશન રોડ, મોડાસા ● યોગીકૃપા ખાદી ભંડાર - સ્ટેશન રોડ, મેઘરજ ● યોગીકૃપા ખાદી ભંડાર - આકાર કોમ્પલેક્ષ, ભિલોડા ● અંબિકા ખાદી ભવન, પૂર્ણિમા કોમ્પલેક્ષ, અંબાજી

● પ્રમુખશ્રી - ઉષાબેન કે. ત્રિવેદી ● મંત્રીશ્રી - ધરમેન્દ્ર સી. યોગી
● વ્યવસ્થાપક - જશવંત સી. યોગી

નોંધ : તા. ૨/૧૦/૧૪ થી તા. ૩૧/૩/૧૫ સુધી વળતરનો લાભ આપવામાં આવશે.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com